# 14. મેંદી તો વાવી માળવે

આ લોકગીત છે અને તેના રચયિતા કોઈ ચોક્કસ વ્યક્તિ હોતા નથી.

લોકગીતમાં ભોજાઈ(ભાભી)ને સુંદર બનાવવા દિયરના મનોરથ હશે. પણ પ્રેમાળ નારી પોતાના કંથ(પતિ)ની ગેરહાજરીમાં મેંદી વડે હાથ રંગીને કોને બતાવે ? સતીના શણગાર તો પતિ ખાતર જ હોય, પતિ સાંભર્યો. વિધવિધ બહાનાં આપી તેડાવ્યો. પણ ભાઈ-બહેનના લગ્નની કે માતાના મોતની એ યુદ્ધઘેલડા પરદેશીને બહુ તાણ નથી. છેલ્લા ખબર ફકત માનેતીની આંખો જ દુ:ખવાના પહોંચે છે. પછી તો એનું હૈયું હાથ રહેતું નથી. એ પાછો આવે છે.

લોકગીત લોકસાહિત્યનો પ્રમુખ પ્રકાર છે. કથા અને ગીત એ બે લોકસાહિત્યનાં મહત્ત્વનાં અંગ છે. લોકસાહિત્ય એટલે લોકો દ્વારા રચાતું, સમુદાયમાં પ્રચલિત એવું સાહિત્ય. પ્રસંગો અને ઉત્સવોમાં લોકો તેની રચના કરે છે અને માણે છે. એમાં મૂલ્યનો બોધ મુખ્ય ભાગ ભજવે છે. કવિના ગીત રૂપે વહે છે, ગવાય છે અને લોકકંઠે વસે છે.

---

મેંદી તે વાવી માળવે,
એનો રંગ ગિયો ગુજરાત
મેંદી રંગ લાગ્યો રે.
નાનો દેરીડો લાડકો ને
કાંઈ લાવ્યો મેંદીનો છોડ. – મેંદી રંગ લાગ્યો રે.
વાટી ઘૂંટીને ભર્યા વાટકા,
ભાભી, રંગો તમારા હાથ. – મેંદી રંગ લાગ્યો રે.
હાથ રંગીને, દેરી, શું રે કરું,
એનો જોનારો પરદેશ. – મેંદી રંગ લાગ્યો રે.
લાખ ટકા આલું રોકડા,
કોઈ જાવ જો દરિયાપાર. – મેંદી રંગ લાગ્યો રે.
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી બેની પરણે, ઘરે આવ્ય. – મેંદી રંગ લાગ્યો રે.
બેની પરણે તો ભલે પરણે,
એની ઝાઝા દી રોકજો જાન – મેંદી રંગ લાગ્યો રે.
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારો વીરો પરણે ઘરે આવ્ય. – મેંદી રંગ લાગ્યો રે.
વીરો પરણે તો ભલે પરણે,
એની જાડેરી જોડજો જાન. – મેંદી રંગ લાગ્યો રે.
શોક્યના સાયબાને જઈ એટલું કે'જો,
તારી માડી મરે ઘરે આવ્ય. – મેંદી રંગ લાગ્યો રે.
માડી મરે તો ભલે મરે,
એને બાળજો બોરડી હેઠ. – મેંદી રંગ લાગ્યો રે.

શોક્યના સાયબાને જઈ એટલું કે'જો
તારી માનેતીની ઊઠી આંખ. — મેંદી રંગ લાગ્યો રે.
હાલો સિપાઈઓ, હાલો ભાઈબંધીઓ
હવે હલકે બાંધો હથિયાર.— મેંદી રંગ લાગ્યો રે.

## ટિપ્પણ

**રંગ ગિયો ગુજરાત** - ગુજરાત (રાજ્ય)ના વિસ્તાર સુધી તેનો રંગ પહોંચ્યો છે **દેરીડો** - દિયર, પતિનો નાનો ભાઈ **લાડકો** - લાડલો, વહાલો, માનીતો **દરિયાપાર** - દરિયાને પેલે પાર (અહીં) પરદેશ **સાયબો** - પતિ **કે'જો** - કહેજો **ઝાઝા** - વધારે **વીરો** - ભાઈ **માનેતીની** - માનીતીની, પ્રિયતાની **માનેતીની ઊઠી આંખ** - માનેતીની (અહીં) પોતાની પત્નીની આંખો તેના પત્નિની રાહ જોઈ જોઈને દુ:ખવા માંડી છે તે

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક વાક્યમાં જવાબ લખો.**

1. મેંદી ક્યાં વાવી હતી ? તેનો રંગ ક્યાં ગયો હતો ?
2. મેંદીનો છોડ કોણ લાવે છે ?
3. દિયર ભાભીને કઈ વિનંતી કરે છે ?
4. માતા મૃત્યુ પામી હોય તો પણ પતિ નાયિકાને શું કરવાનું જણાવે છે ?
5. પતિ ક્યારે પાછો ફરે છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ આપો.**

1. પત્નીએ મોકલાવેલા સમાચારના જવાબમાં પતિ શું કહેવડાવે છે ?
2. પતિને ઘરે બોલાવવા માટે નાયિકાએ કરેલા વિવિધ બહાનાઓનું અને તેના પતિએ આપેલા જવાબોનું વર્ણન કરો.

**પ્રશ્ન 3. કારણ આપો.**

1. ભાભી મેંદીથી હાથ રંગવાની ના પાડે છે.
2. પતિ ઘરે આવવા માટે તૈયાર થાય છે.

**પ્રશ્ન 4. નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાય છે તે શોધીને લખો.**

| | | | |
|---|---|---|---|
| 1. પતિ | 3. દિયર | 5. ભાઈ | 7. મિત્ર |
| 2. બહેન | 4. પત્ની | 6. માતા | |

**પ્રશ્ન 5. નીચેના દરેક શબ્દની આગળ 'પર' લગાડીને નવો શબ્દ બનાવો, તેનો અર્થ લખો.**

| | | | | |
|---|---|---|---|---|
| દેશ | - | પરદેશ | = | બીજાનો દેશ |
| ધન | - | | | |
| સ્ત્રી | - | | | |
| ગામ | - | | | |

**પ્રશ્ન 6. નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

1. પરદેશ 2. રોકડા 3. માનેતી

**પ્રશ્ન 7. નીચેના શબ્દોની સાચી જોડણી લખો.**

1. મેદી 2.ઘુંટીને 3. સોક્ય 4. બોયડી 5. સીપાઈયો 6.હથ્યાર

## પ્રવૃત્તિ

1. તમારા ઘરમાં કે પડોશમાં કોઈએ હાથ ઉપર મેંદી મૂકી હોય તો તે હાથનું નિરીક્ષણ કરો.
2. તમારા હાથ પર મેંદી લગાડો અને થોડો સમય સૂકાવા દો. ત્યારબાદ હાથ પરથી મેંદીને પાણી વડે દૂર કરો અને નિરીક્ષણ કરો કે હાથ પર કેવો રંગ આવ્યો છે ?

## ભાષાસજ્જતા

આપણે બોલીએ છીએ શા માટે ? આપણા મનમાં જે હોય તે સામી વ્યક્તિને ખબર પડે અને એ વ્યક્તિ એ મુજબ વર્તે તે માટે. તમારી મમ્મી પાસે ખાવાનું માગવું હોય તો કહેવું પડે : 'મમ્મી, મને ભૂખ લાગી છે, ખાવાનું કંઈક આપ ને!'

તમારા પપ્પા પાસે કંઈક કામ હોય તો તેમને પણ કહેવું પડે : 'પપ્પા, સાંજે આવો ત્યારે મારાં માટે એક નોટબુક લેતા આવશો.'

આમ જુઓ તો દિવસમાં કેટલાંય લોકો સાથે આમ કશુંક કહેવાનું બને છે. પણ બધા સાથે એક સરખું જ કહેવાતું નથી. મમ્મી-પપ્પા, ભાઈ-બહેન, મિત્રો, વડીલો, અજાણ્યા લોકો... સૌની સાથે અલગ અલગ રીતે વાત કરીએ છીએ. સંબોધન પણ અલગ અલગ હોય છે. આવું શું કરવા ? કોની સાથે કેવી રીતે વાત કરવી, સંબોધન શું વાપરવું, સમય પ્રમાણે કેવા શબ્દો વાપરવા... આ બધું શીખવું પડે.